ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૯.૬ા ડીગ્રી
લઘુતમ : ૨૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૪૫ ટકા

વિશ્વ પર્યાવરણ દિવસે

# સીનીયર સીટીઝન પાર્કમાં યુવાનો અને સીનીયર સીટીઝન દ્વારા વૃક્ષારોપણ



ગાંધીનગર,તા. ૫

સમગ્ર વિશ્વમાં પર્યાવરણ દિવસે ને દિવસે બદલાઈ રહ્યું છે. ગામડામાં થી દરેક લોકો શહેરો તરફ પ્રયાણ કરવા થી મકાન વધી રહ્યાં છે અને ઝડપથી વૃક્ષ કપાઈ રહ્યા છે. દરેક લોકો એ પર્યાવરણની જાળવણી કરવા માટે એક છોડ નો ઉછેર કરવો જોઈએ.આપણી આવનાર પેઢી ના રક્ષણ માટે અત્યારે જ જાગૃત થવાની જરૂર છે. સીનીયર સીટીઝન પાર્ક ભીમજી પુરા નવા વાડજ વિસ્તારમાં માં આવતા યુવાનો નું કહેવું હતું કે ૫/૧૦ વર્ષ પછી આપણે પણ ગાર્ડન માં આવવું પડશે તો અત્યારે જ વૃક્ષ વાવવાની તૈયારી કરીએ. વિશ્વ પર્યાવરણ દિવસે બીલી ગુલમહોર ગુંદા તેમજ છાંયડો આપતા અને પક્ષીઓ માટે ફળ આપતા ઝાડના છોડ ૧૫/૨૦ વાવ્યા હતા. સીનીયર સીટીઝન પાર્ક દરરોજ આવતા જયંત ભાવસાર નું કહેવું હતું કે વૃક્ષારોપણ કાર્યક્રમ દ્વારા મેસેજ દરેક સુધી પહોંચવા માટે સ્કુલ માં થી જ બાળકો ને જેમ સ્વસ્થતા ના માર્ક મળે છે તેમ પર્યાવરણની જાળવણી અને વૃક્ષ ઉછેર માટે માર્ક આપવામાં આવે તો નાનપણથી સમજતા થાય. જ્યારે મોટા થાય એટલે પર્યાવરણ માટે બીજા ને જાગૃત કરે.આવા કાર્યક્રમ દ્વારા આખુ ગુજરાત હરીયાળુ અને સમૃદ્ધ બની જાય.

**આપણી આવનાર પેઢીના રક્ષણ માટે અત્યારે જ જાગૃત થવાની જરૂર છે. સીનીયર સીટીઝન પાર્ક ભીમજી પુરા નવા વાડજ વિસ્તારમાં આવતા યુવાનોનું કહેવું હતું કે ૫/૧૦ વર્ષ પછી આપણે પણ ગાર્ડનમાં આવવું પડશે તો અત્યારે જ વૃક્ષ વાવવાની તૈયારી કરીએ.**

# ચરેડી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

**'સરકારની પહેલમાં નાગરિકોના સહકાર થકી રિડ્યુઝ, રિયુઝ, રિસાઈકલની ચળવળ થકી પ્લાસ્ટિક મુક્તિની ઝુંબેશ સફળ બનાવીશુ' : મંત્રીરાઘવજી પટેલ**





ગાંધીનગર,તા. ૫

પાંચમી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જિલ્લા કક્ષાની ઉજવણી ચરેડી, જીઈબી ખાતે કરવામાં આવી. જેનું આયોજન ગાંધીનગર વન વિભાગ દ્વારા કરાયું હતું. સમગ્ર કાર્યક્રમ મુખ્ય અતિથિ મંત્રીશ્રી કૃષિ અને પશુપાલન રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણથી થઈ હતી.

કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત નાયબ વંન સંરક્ષણ ગાંધીનગર ચંદ્રેશ કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરાંત રંગોલી ફાઉન્ડેશનનાં કલાકારો દ્વારા પર્યાવરણ દિવસને અનુરૂપ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજુ કરવામાં આવ્યો હતો.

પ્રસંગના અધ્યક્ષપદે બિરાજમાન રાજયના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્ય ઉદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે પોતાના ઉદ્‌બોધનની શરૂઆત કાવ્યપંક્તિઓથી કરી હતી. તેમણે કહ્યું હતુ કે, “સુબહ કી તાજી હવા તુજે પસંદ હૈ, ચીડિયો કી આવાજ તુજે પસંદ હૈ, મેઘો કા બરસના તુજે પસંદ હૈ, તુજે પ્રકૃતિ કી હર રચના પસંદ હૈ, ફીર ક્યોં ટુ પ્રકૃતિ કો નષ્ટ કર રહા હૈ?”

રાજયમાં વન સંરક્ષણ માટે ૪૫ કરોડની અને સામાજિક વનીકરણ માટે ૩૩૦ કરોડની તાજેતરના બજેટમાં જોગવાઈ કરાઈ છે. આ ઉપરાંત મંત્રીએ પ્રાકૃતિક ખેતી માટે સરકારે હાથ ધરેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતીથી આરોગ્યની સાથે પર્યાવરણનું જતન થાય છે. રાજયમાં આજે વીજળી ઉત્પાદનમા વપરાતા કોલસામાં ૪૦ ટકા જેટલો ઘટાડો કર્યો છે. તેમણે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રીના કાળ સમયના પર્યાવરણ માટેના પગલાને યાદ કરતાં જણાવ્યું હતું કે સમગ્ર ભારતમાં પર્યાવરણના જતન અને જાળવણી માટે પર્યાવરણ વિભાગની શરૂઆત ગુજરાત રાજ્યમાં થઈ હતી.

જિલ્લા વન સંરક્ષકશ્રી ચંદ્રેશ શાનદ્રેએ આ પ્રસંગે વર્ષ ૨૦૨૩ ની થીમ ‘બીટ પ્લાસ્ટિક પોલ્યુશન’ અંતર્ગત પર્યાવરણના સંવર્ધન અને જતન માટે ત્રણ ઈ એટલે કેઈીદ્ધેષ્ઠી, ઈીજી અને ઈીષ્ઠઅષ્ઠન્ની અપનાવવાની વાત કરી હતી. પ્લાસ્ટિકનો ઓછામાં ઓછો ઉપયોગ થાય, ફરીથી ઉપયોગમાં લેવાય અને તેને રીસાયકલ કરાય તે માટેના પગલાં લેવા જોઈએ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષ મકવાણા, જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ,જિલ્લા કલેક્ટરશ્રી હિતેષ કોયા, સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન જશવંત પટેલ,ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ,ભાજપ પ્રમુખ રુચિર ભટ્ટ,પારુલબેન ઠાકોર, ગાંધીનગર દંડક મ.ન.પા તેજલબેન, મ્યુન્સિપલ કમિશ્નર જે.એન. વાઘેલા,ગાંધીનગર ફોરેસ્ટ વિભાગના અન્ય અધિકારીઓ તથા કર્મચારી હાજર રહ્યા હતા. આભાર વિધિ પ્રિયન પટેલ રેન્જ ફોરેસ્ટ ઓફિસર કલોલ દ્વારા કરાઈ હતી.



## એસ. વી. પ્રી-સ્કૂલમાં બાળકોનો શાળા પ્રવેશોત્સવ

તા- ૫ જૂનથી શરૂ થયેલા નવા સત્રની શરૂઆત સાથે જ શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. પ્રી-સ્કૂલમાં શાળાના પ્રથમ દિવસે શાળાની પ્રણાલી મુજબ, શાળા પરિવારે નર્સરી, જુનિયર કે. જી. અને સિનિયર કે. જી. ના બાળકોને કુમકુમ તિલક કરી, આરતી ઉતારી અને ચોકલેટથી મોઢું મીઠું કરાવી તેમનું સ્વાગત કર્યું હતું. શિક્ષિકાઓએ આખી શાળાને રંગીન ફુગ્ગાથી અને રીબીનથી શણગારી હતી. આ ઉપરાંત, શાળા પરિવારે બાળકોને મા સરસ્વતીનું પૂજન કરાવી, આશીર્વાદ પાઠવ્યા હતા. નવી સ્કૂલ બેગ સાથે, નવા યુનિફોર્મમાં સજ્જ થઈ, બાળકોએ ઉત્સાહભેર આ પ્રવેશોત્સવને માણ્યો હતો. ઉત્સાહિત વાલીમિત્રોએ પણ સ્કૂલ મેનેજમેંટના આ નવતર પ્રયોગને બિરદાવી, શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

# ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કૉલેજ ખાતે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી





ગાંધીનગર, તા. ૫

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) અને ગુજકોસ્ટ પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ગાંધીનગર ના ઉપક્રમે મિશન લાઈફ અંતર્ગત પાંચમી જૂન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જેડાના ડાયરેક્ટર શ્રી અજય પ્રકાશ તથા શ્રી નરેશ ઠાકર પી.આર.ઓ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ,ડો.અનિલભાઈ પટેલ,મેનેજીંગ ટ્રસ્ટી,નિસર્ગ સાયન્સ સેન્ટર, અને ડો.હરિભાઈ પટેલ, પ્રિન્સિપાલ નાથીબા કોલેજ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી નરેશ ઠાકરે મિશન લાઈફ અંતર્ગત જે ૭ મુદ્દા નક્કી કરવામાં આવ્યા છે તેનો પરિચય વિદ્યાર્થીનીઓને કરાવ્યો હતો.તેમજ પર્યાવરણીય કાયદા અને પ્લાસ્ટિક મેનેજમેન્ટ અને પર્યાવરણ જાગૃતિ માટેના પગલા અંગે પોતાના વક્તવ્યમાં માહિતી આપી હતી. અજય પ્રકાશે તેમના વક્તવ્યમાં વિદ્યાર્થીઓ નાની નાની ચોકસાઈ રાખીને કઈ રીતે વીજળીની બચત કરી શકે તે અંગે જણાવ્યું હતું.તેમજ તેમના થકી અન્ય લોકોને પણ આ અંગે જાગૃત કરવા જણાવ્યું હતું. મહેમાનો ના હસ્તે વ્રુક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. મિશન લાઈફ અંતર્ગત કોલેજની ઈકો કલબની વિદ્યાર્થીનીઓ માટે ચિત્ર સ્પર્ધા ,નિબંધ સ્પર્ધા અને સ્લોગન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ઈનામ,પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શ્રીમતી આર.જી.પટેલ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ પણ આ કાર્યક્રમમાં જોડાઈ હતી.

નાથીબા કોલેજના પ્રોફેશર ડો.જોશીપુરા ધ્વારા આ કાર્યક્રમથી પ્રેરાઈને રથયાત્રા અને લોક મેળા દરમિયાન પ્લાસ્ટિક કલેકશન અભિયાનમાં તેમની ઈકો કલબની વિધ્યાર્થીનીઓ પોતાનું યોગદાન આપશે તેમ જણાવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે નમ્રતાબેન ભુપતાણી,જયભાઈ શાહ,હાર્દિક ભટ્ટ,શિવાંગ પટેલ અને નાથીબા કોલેજ સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## રાજય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૫

રાજય મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે આઝાદીના અમૃત મહોત્સવ પર્વની ઉજવણીના ભાગરૂપે આજરોજ આ સંસ્થાના પટાંગણ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ પ્રસંગે નિયામક ડૉ પંકજ ગોસ્વામી હાજર રહી વૃક્ષારોપણ કર્યું હતું. સંસ્થાના તમામ અધિકારીઓ-કર્મચારીઓ તથા વાચકગણ ઉપસ્થિતિ રહ્યાં હતાં. આ પ્રસંગે નિયામકશ્રીએ પર્યાવરણની જાળવણી કેમ કરવી જોઈએ તેની રસપ્રદ માહિતી આપી હતી.

## વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ચિત્ર સ્પર્ધા અને મહેંદી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૫

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત અને ડૉ. નિધિ ફિઝિયો વર્લ્ડના સહયોગથી સેકટર-૨૧ ખાતે " વિશ્વ પર્યાવરણ " ની થીમ પર ચિત્ર સ્પર્ધા અને મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં સુરત, કલોલ, વસ્ત્રાલ, વાવોલ અને ગાંધીનગર સહિતના બહેનો-દિકરીઓ અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં બાળકોએ વિવિધ રંગોથી પોતાની કલા તથા આવડત વડે પોતાની કૃતિ તૈયાર કરી અનેક સંદેશો આપ્યા હતા અને બહેનો-દિકરીઓએ ખૂબ સરસ મહેંદી મુકી પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધામાં ગાંધીનગર મહાનગરપાલિકા ના વિપક્ષ નેતા અંકિત બારોટ અને સીકે ફેશન વર્લ્ડના ચાંદની પરમાર વિશેષ ઉપસ્થિત રહી એમના વરદહસ્તે ભાગ લેનાર દરેક બહેનો-દિકરીઓ અને બાળકોને સર્ટિફિકેટ અને મોમેન્ટોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ આયોજનનું સંપૂર્ણ સંચાલન મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના આયોજક મિલાપ ટાટારિઆ ટાઈગર અને સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપીસ્ટ ના નિષ્ણાત ડૉ. નિધિ લેકિનવાલાએ દરેક સ્પર્ધકોને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.



ગાંધીનગર સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ જી અને એસ વી અંગ્રેજી માધ્યમ પ્રાથમીક શાળા મા નવા સત્રની શરૂઆત થતાં ધોરણ-૧ અને ધોરણ-૨ ના વિદ્યાર્થીઓ માટે શાળા પ્રવેશ ઉત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં નાના ભૂલકાઓને કુમકુમ અક્ષત થી ચાલ્લા કરી ઢોલ નગારા સાથે હર્ષોલ્લાસથી વિદ્યાર્થીઓને શાળ પ્રવેશ કરાવ્યો હતો. તેમજ ૫ જૂન પર્યાવરણ દિન નિમિતે વિદ્યાર્થીઓ પર્યાવરણનુ મહત્વ સમજે તે હેતુ થી ધોરણ ૭ અને ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા છોડ મંગાવી ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થીઓએ આચાર્ય અને શિક્ષકોની મદદથી વૃક્ષારોપણ કાર્યક્રમ કર્યો હતો.

## જન્મદિને વધામણી



મનોજભાઈ આર. પંડ્યા



સોની મંથન રિકીત